# નભોઈ મર્ડર કેસ - રોહીતને છેલ્લે તેના મિત્રએ રીક્ષામાંથી ઉતાર્યો હતો

**હોડી ચકલા સર્કલે ઉતાર્યા બાદ રોહીત ગાયબ થયો અને તેનું કોઈએ ગળુ કાપી હત્યા કરી નાંખી : પરિવારને કોઈ પર શંકા નથી**



ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદ મેઘાણીનગર વિસ્તારમાં ૨૪ વર્ષિય પસ્તી ઉઘરાવતા યુવાનને નભોઈ કેનાલ પાસે લાવીને ગળુ કાપી નાંખી કોઈએ કરપીણ હત્યા કરી નાંખ્યે આજે બે દિવસ થયા પરંતુ હજુ સુધી હત્યાનું કારણ અને હત્યારાની દિશા મળી શકી નથી. પોલીસ બે દિવસથી અમદાવાદમાં તપાસ ચલાવી રહી છે. છેલ્લે મૃતક રોહીતના એક મિત્રએ તેને સીએનજી રીક્ષામાં હોડી-ચકલા સર્કલે ઉતાર્યો હતો ત્યારથી તે ગાયબ હતો. હોડી ચકલા સર્કલથી નભોઈ સુધી રોહીત કેવી રીતે પહોંચ્યો તે કડી મળે તો હત્યારા સુધી પહોંચી જવીય તેવી શક્યતા છે.

રોહીતની હત્યા કરનાર શખ્સ સુધી પહોંચવા ઈન્ફોસિટી પોલીસે તેના પરિવારજનો તથા આસપાસના પડોશીઓ ઉપરાંત મિત્રોના પણ નિવેદન લીધા પરંતુ કોઈની પર શંકા પણ ન હોવાનું જણાવી રહ્યા છે. રોહીતના એક મિત્રએ તેને બપોરે છેલ્લે રીક્ષામાં મેઘાણીનગર નજીકની હોડી-ચકલા સર્કલે ઉતાર્યો હતો તેવું જાણવા મળ્યું છે. રોહીત ત્યાં કેમ ઉતરી ગયો હતો અને ત્યાંથી કોની સાથે અને કેવી રીતે નભોઈ સુધી પહોંચ્યો તે એક કોયડો બની ગયો છે. પોલીસે આ કડી મેળવવા માટે આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરા ફુટેજ મેળવવા પ્રયત્નો કર્યા છે. જો કે હજુ સુધી હત્યારા સુધી પહોંચવાની કડી પોલીસને મળી નથી.

# આજે ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા બેટી વધાવો પુરસ્કાર કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

સમાજમાં ઘટતી જતી દિકરીઓની સંખ્યા એ ચિંતન અને ચિંતાનો વિષય છે. સમગ્ર રાજય અને જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા દીકરો દીકરી એક સમાનનું અભિયાન ઉપાડવામાં આવ્યું છે. તેના ભાગરૂપે જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા દિકરીઓના માતા-પિતાને પુરસ્કૃત કરવાનો અનેરા કાર્યક્રમનું તા.૧૭મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ બપોરના ૩.૦૦ કલાકે, જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ, ઓડીટોરીયમ હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ બેટી વધાવો પુરસ્કાર કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત, ગાંધીનગર પ્રમુખ શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. તેમજ કાર્યક્રમમાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ અને જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ. એસ. ડાગુર અને જિલ્લા પંચાયત, ગાંધીનગરની આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી જયોત્સનાબેન પટેલની પ્રેરક વિશેષ ઉપસ્થિતિ રહેશે. અતિથિ વિશેષ પદે ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રીમતી કામિનીબેન રાઠોડ, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી અને કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા કલેકટર શ્રી રવિશંકર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાનના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. ડી. સી. જાગાણી અને તેમની ટીમે કર્યુ છે.

# ડ્રાઈવરે ટ્રકમાં જ દોરડુ બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો

**બનાસકાંઠાના વડગામ વિસ્તારના ડ્રાઈવરે દૂધ ભરાઈને મધર ડેરીના પાર્કીંગમાં અંતિમ પગલુ ભર્યું**

ગાંધીનગર, તા. ૧૬

બનાસકાંઠાના વડગામ વિસ્તારના ૨૫ વર્ષિય ટ્રક ડ્રાઈવરે આજે સવારે ગાંધીનગર નજીક સ્થિત મધરડેરીમાં દૂધ ભરાવી દીધા બાદ પાર્કિંગમાં ગયો અને ટ્રકમાં જ દોરડુ બાંધીને કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતાં ચકચાર મચી જવા પામી છે. સિક્યુરીટી ઈન્ચાર્જે અડાલજ પોલીસને ઘટનાની જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ બનાસકાંઠાના વડાગામ તાલુકામાં આવેલા લીંબોઈ ગામે રહેતા ૨૫ વર્ષિય ટ્રક ડ્રાઈવર વિરેન્દ્ર ઉર્ફે વિરાજી મણીલાલ રાવળ આજે સવારે ૭ વાગે ભાટ ગામની સીમમાં આવેલી મધર ડેરીમાં દૂધ ભરાવીને બહાર નિકળ્યો હતો. બહાર પાર્કિંગમાં જઈને ટ્રકમાં બેસ્યા બાદ કોઈ કારણોસર દોરડુ લઈ તેણે ટ્રકની કેબીનમાં જ ગળેફાંસો ખાઈ લીધો હતો. મધર ડેરીના સિક્યુરીટી ઈન્ચાર્જને ઘટનાની જાણ થતાં અડાલજ પોલીસને બોલાવી લીધી હતી. જમાદાર અમરતભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર આવી પહોંચ્યા હતા અને મૃતદેહ પી.એમ.કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

# વિરા તલાવડીમાં ખુલ્લેઆમ જુગાર રમતા ચાર ઝડપાયા

**ડભોડા પોલીસે દરોડો પાડીને રૂ. ૭૪૫ ની રોકડ સાથે ચારેયની ધરપકડ કરી**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં સ્થિત વિરા તલાવડી ગામમાં ખુલ્લેઆમ ભર બપોરે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ચાર શખ્સોની જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે રૂ. ૭૪૫ની રોકડ મુદ્દામાલ સાથે ચારેય શકુનીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસને આજે બપોરે બાતમી મળી હતી કે તેમની હદ વિસ્તારમાં આવેલા વિરા તલાવડી ગામમાં એક ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે. જેના આધારે પી.એસ.આઈ. પી.જે.સોલંકીની સુચનાથી તેમની ટીમે દરોડો પાડ્યો હતો.પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જો કે પોલીસ જુગારીઓને કોર્ડન કરીને પકડી લીધા હતા.રૂ. ૭૪૫ રોકડ મુદ્દામાલ સાથે ડભોડા પોલીસે વિરા તલાવડી ગામના જ ચાર શખ્સો મોહન ભીખા ઠાકોર, પોપટ ડાહ્યા ઠાકોર, પોપટ ગલા ઠાકોર અને મનોજ શરવન બિહોલાની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે સે. ૫ ની શિવકથામાં શિવ વિવાહ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સે. ૫ માં આવેલ ખોડીયાર માતાજીના મંદિરે કથાકાર સંજય ભારતી ગોસ્વામીની વ્યાપીઠે ચાલી રહેલ શિવકથામાં તા. ૧૦ મી ડિસેમ્બર બુધવારે બપોરે ૨ થી ૫ દરમ્યાન શિવવિવાહનો પ્રસંગ ધામધૂમથી ઉજવવામાં આવનાર છે. આ સાથે જ્યોર્તિલિંગ પ્રાગટ્ય કથા અને શિવજીના ગુણોનું રસપાન કરાવવામાં આવશે. આ શિવકથાના પ્રસંગોનો લાભ લેવા નગરની ધર્મપ્રેમી જનતાને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## રવિવારે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળનું ૨૬મું વાર્ષિક સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળ દ્વારા તા. ૨૧મી ડિસેમ્બર રવિવારે ૨૬મા વાર્ષિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન ખ-૦ સરગાસણ ચાર રસ્તા પાસે ગોલ્ડ કોઈન ફલેટની બાજુમાં આવેલ પ્રવિણભાઈ માણિયાના ફાર્મ ખાતે યોજવામાં આવ્યું છે. મિત્ર મંડળના પરિવારો વચ્ચે અરસપરસ ભાતૃભાવ વધે અને બધા હળી મળી શકે તેવા ઉદ્દેશ સાથે યોજવામાં આવેલ. આ વાર્ષિક સંમેલનમાં મનોરંજનાત્મક રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અંતે વન ભોજન કરવામાં આવશે. આ સંમેલનમાં પરિવાર સહિત સહભાગી થવા મિત્ર મંડળના તમામ સભ્યોને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## આહિર યુવાનનું આવો ભણીએ અભિયાન

જેને સેવા કરવી છે તે કોઈ પણ સ્વરૂપે કરે છે. ગાંધીનગરનો વિશાળ ચશ્માનો શૉ રૂમ ધરાવતા આહિર યુવાન અશ્વિન જાટીયાએ 'આવો ભણીયે' અભિયાન હાથ ધરી મનપાની હદની સેક્ટરો તેમજ શહેરી ગામોની શાળાઓમાં અભ્યાસમાં ઉપયોગી થાય તેવા બેનર્સનું વિતરણ ચાલુ કર્યું છે. આ રંગીન બેનર્સમાં તેમણે નાના બાળકો માટે ૧ થી ૧૦૦ આંકડા, એબીસીડી, કક્કો-બારાક્ષરી, રસપ્રદ શબ્દો વગેરેને લગતા વિવિધ ચાર્ટ બનાવડાવ્યા છે. કુલ ૩૫ સ્કૂલોના ૩૦૦ શિક્ષકોને શિક્ષક દીઠ પાંચ નંગ બેનર્સ આપવાના લક્ષ્યાંક સાથે તેમણે બોરિજની પ્રાથમિક શાળાથી આ અભિયાનનો પ્રારંભ કર્યો છે.

## ઓર્થોપેડીક સર્જરી માટે સિવિલમાં દાખલ ગરીબ દર્દીને આર્થિક મદદ કરવા અપીલ

**ડાબા પગમાં 'બોલ' નાંખવાની સર્જરી માટે બાબુભાઈને છેલ્લા એક માસથી દાખલ કરાયા છે : તમામ કાર્ડ હોવા છતાં એક પણ સરકારી યોજનામાં ઓર્થોપેડીક સર્જરી માટે સહાય નથી : સર્જરી માટે રૂ. ૧,૨૫૦૦૦ની રકમ એકઠી કરવા સહયોગ મંડળ દ્વારા નગરજનોને અપીલ**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે ઓર્થોપેડીક વિભાગમાં બાબુભાઈ રામાભાઈ નામના એક ગરીબ દર્દીને ડાબા પગે 'બોલ' નાંખવા માટે છેલ્લા એક માસથી દાખલ કરવામાં આવ્યા છે. આ સારવારનો ખર્ચ દવાઓ સાથે મળીને અંદાજિત રૂપિયા ૧,૨૫,૦૦૦ જેટલો થાય તેમ હોવાથી આ ગરીબ દર્દી માટે તેને ઉઠાવવો અશક્ય છે. ગાંધીનગરના સહયોગ મંડળ દ્વારા માનવતા ભાવે આ ગરીબ દર્દીના ઓપરેશન અને સારવાર માટે આર્થિક મદદ કરવા દાન આપવા જાહેર અપીલ કરવામાં આવી છે.

આ ગરીબ દર્દી બાબુભાઈ પાસે બીપીએલ કાર્ડ, રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજના, મુખ્યમંત્રી અમૃતમ્ કાર્ડ વગેરે જેવા સેવાકીય ઉપલબ્ધતા ધરાવતા તમામ કાર્ડ હોવા છતાં તેમાંથી એક પણમાં તેમની આ ઓર્થોપેડીક સર્જરી નિઃશુલ્ક થાય તેવી કોઈ સરકારી યોજના નથી. બાબુભાઈના બહેન તેમને શક્ય હોય તેટલી મદદ કરી રહ્યા છે. પરંતુ આટલી મોટી માતબર રકમ તેમના ગજા બહારની છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના સહયોગ મંડળ દ્વારા નગરજનોનો માત્ર રૂ. ૧૦૦ વ્યક્તિગત મદદ કરવા હાંકલ કરવામાં આવી છે. આ દર્દીને સહાય કરવા માંગતા દાતાઓએ સહયોગ મંડળના ભગુભાઈ પટેલ તથા ડી.એમ. પરમારનો સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન સંપર્ક સાધવા જણાવ્યું છે.

## સે. ૨૧ ની ગોવર્ધનનાથજી હવેલી ખાતે નિઃશુલ્ક ચેકઅપ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬


ગાંધીનગરના વૈષ્ણવ સમાજ દ્વારા સે. ૨૧માં આવેલ ગોવર્ધનનાથજીની હવેલી ખાતે તા. ૨૧મી ડિસેમ્બરના રોજ સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા દરમ્યાન નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડાયાબીટીશ, બ્લડ પ્રેશર જેવા રોગ તેમજ આંખો અને દાંતનું વિના મૂલ્યે ચેકઅપ કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ડૉ. તેજલ દલાલ, ડૉ. ગૌરવ સાવલીયા, ડૉ. કૃતિબેન પરમાર અને ડૉ. મનીષાબેન શુકલ(વ્યાસ) તેમની સેવાઓ આપશે. ગાંધીનગરના વૈષ્ણવ સમાજ દ્વારા આ ચેકઅપ કેમ્પનો લાભ લેવા નગરજનોને જાહેર અપીલ કરવામાં આવી છે.

# ભીંડાનું બિયારણ મોંઘુદાટ ખેડૂતોમાં નિરાશાનો માહોલ

**કિલોએ રૂ. ૧૯૦૦ થી ૨૯૦૦નો ભાવ : ઉત્પાદકો-વિતરકોને ઘી-કેળાં : કપાસ-મગફળી-ગવારના ભાવોમાં દાઝેલા ખેડૂતોને વધુ ડામ : જીવન જરુરી ચીજવસ્તુઓની જેમ બિયારણના ભાવો પર નિયંત્રણ લાદવા માંગ**



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



ચિલોડા, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પંથકમાં શિયાળુ સીઝનમાં ભીંડાના વાવેતરની ખેડૂતો દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. પરંતુ બજારમાં બિયારણનો ભાવ ૧૯૦૦થી ૨૯૦૦ રૂપિયા સુધીનો થઈ જતા કિસાનોની હાલત કફોડી થવા પામી છે. હાલમાં ખરીફ પાકોમાં કપાસ, મગફળી અને ગવારના બજારમાં પોષણક્ષમ ભાવો ન મળતાં ખેડૂતોમાં નિરાશા વ્યાપેલ હતી તેમાં ભીંડાના બિયારણના ભાવે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. આ પરિસ્થિતિના કારણે અનેક ખેડૂતોને તેમની ખેતીની પેટર્ન બદલવાની પણ ફરજ પડી છે.

ચિલોડા પંથકના ખેડૂતો હવે શિયાળુ ખેતી માટે શાકભાજીના વાવેતરમાં વધુ રસ દાખવી રહ્યાં છે. ખરીફ પાકમાં નુકશાન વેઠી રહેલા ખેડૂતોને ઉગારવા રાજય સરકારે રૂપિયા ૧૧૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. પરંતુ બિયારણના ભાવો પર નિયંત્રણ ના હોવાથી ખેડૂતો માટે એક સાંધતા તેર તુટે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. વધુમાં બિયારણની ગુણવત્તા અને વિશ્વાસપાત્રતા અંગે શંકા કુશંકાઓ પ્રવર્તી રહી હોવાના કારણે પણ ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. આ પરિસ્થિતિમાં ભીંડાના બિયારણનું ઉત્પાદન વેચાણ કરતા ઉત્પાદકો અને વિતરકોને ઘી કેળાં થઈ રહ્યાં છે. અનેક જીવનજરુરી ચીજવસ્તુઓની માફક બિયારણના ભાવો પર પણ સરકારે નિયંત્રણ લાદવું જોઈએ તેવી આ પંથકના ખેડૂતોમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.

# સરકારી હાઈસ્કૂલ અને મુખ્ય માર્ગને ડૉ. બાબા સાહેબ આંબેડકરના નામ સાથે જોડવા માંગ

**ગાંધીનગર જિલ્લાની દલિત સેના દ્વારા બંધારણના ઘડવૈયાનું નામ સ્કૂલ કે રોડ સાથે જોડવા માંગ કરી : નગરમાં હાલ સરકારી હાઈસ્કૂલો અને મુખ્ય માર્ગોને દેશની મહાન વિભુતિઓના નામ સાથે જોડેલ છે તેમાં ડૉ. આંબેડકરનો સમાવેશ નથી કરાયો**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની દલિત સેના દ્વારા ગાંધીનગરની સરકારી હાઈસ્કૂલ તથા માર્ગ સાથે ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ જોડવા માંગણી કરેલ છે. ગાંધીનગરની વિવિધ સરકારી શાળાઓને અને માર્ગોને દેશના મહાન પુરુષોના નામ સાથે જોડવામાં આવેલ છે, પરંતુ તેમાં એક પણ શાળા કે માર્ગનું નામ ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામ સાથે જોડવામાં આવ્યું નથી તેથી સત્વરે જોડવા દલિત સેનાએ માંગ કરી છે.

ગાંધીનગર એ રાજયનું પાટનગર છે. અહીં સરકારી હાઈસ્કૂલોમાં સે. ૨૨માં ઓર્ય ભટ્ટ હાઈસ્કૂલ, સે. ૨૦માં સુભાષચંદ્ર બોઝ હાઈસ્કૂલ, સે. ૨૭માં મહારાણા પ્રતાપ હાઈસ્કૂલ, સે. ૨૮માં ઝાંસીની રાણી વિદ્યાલય, સે. ૭માં સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, સે. ૧૨માં સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, સે. ૧૬માં મહાત્મા ગાંધી હાઈસ્કૂલ અને સે. ૧૫માં સ્વામી રામકૃષ્ણ પરમહંસ હાઈસ્કૂલ નામો આપવામાં આવ્યા છે. તેજ પ્રમાણે નગરના મુખ્ય માર્ગોને પણ અલગ અલગ દેશ નેતાઓના નામાભિધાન કરવામાં આવ્યો છે. પરંતુ આ દેશનું બંધારણ ઘડનાર, આર્થિક રીતે નબળા વર્ગના તેમજ લઘુમતી અને અનુસૂચિત જાતિ-જનજાતિ, દબાયેલા કચડાયેલા વર્ગોને બંધારણના હક્ક અને અધિકારો અપાવનાર તારણહાર એવા ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ ક્યાંય જોડવામાં આવ્યું નથી. સરકારે દલિતોની લાગણીને ધ્યાનમાં રાખી સરકારી શાળા તેમજ કોઈ એક મુખ્ય માર્ગને ડૉ. આંબેડકરનું નામ જોડવા દલિત સેનાએ પ્રબળ માંગ ઉઠાવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૫**
**સૂર્યાસ્ત : ૫.૫૫**

## તાપમાન

**મહત્તમ : ૨૫.૨ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૭૨ ટકા ● સાંજે ૩૧ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨ :**
બદલપુર બોય : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦
મેં ઓર મિ. રાઈટ : ૨.૩૦, ૭.૩૦
**સ્ક્રીન-૩ :**
મેં ઓર મિ. રાઈટ : ૧૧.૦૦, ૪.૦૦, ૯.૦૦
બદલપુર બોય : ૧.૩૦, ૬.૩૦

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૨ :**
એકશન જેકસન : ૪.૦૦, ૧૦.૦૦
બદલપુર બોય : ૬.૪૫
**: સ્ક્રીન-૩ :**
એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૬.૪૫
લિંગા (તમીલ) : ૯.૦૦
**: સ્ક્રીન-૪ :**
એકશન જેકસન : ૧૦.૦૦
બદલપુર બોય : ૩.૪૫, ૧૦.૦૦
મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫
લિંગા (તમીલ) : ૭.૦૦
**: સ્ક્રીન-૫ :**
બદલપુર બોય : ૧૦.૦૦
એકશન જેકસન : ૧.૦૦, ૭.૦૦
**: સ્ક્રીન-૬ :**
એકશન જેકસન : ૭.૦૦
બદલપુર બોય : ૩.૪૫
મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

## આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન પોપટલાલ ભાવસાર (ઉ.વ.૭૦) મુ. દોલારાણા વાસણા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ગાંડાજી અમરાજી (ઉ.વ.૪૦) મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. પરમાર મંગાભાઈ બેચરભાઈ (ઉ.વ.૮૬) મુ. બોરીજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. સેંધાજી કોદરજી ઠાકોર (ઉ.વ.૪૧) મુ. ગીયોડ, તા.જી. ગાંધીનગર
- રબારી જડીબેન નારણભાઈ (ઉ.વ.૯૫) મુ. દશેલા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ચંચીબેન ગાંડાજી (ઉ.વ.૬૫) મુ. ભાદોલ, તા.જી. ગાંધીનગર